ગાંધીનગર સમાચાર
ઉત્તર ગુજરાત
સાબરકાંઠા - અરવલ્લી




# વિજયનગરના આંતરસુંબામાં પ્રાચીન પ્રણય કથાના અવશેષોને ઘેઘૂર વડલાનું આલિંગન

## સદેવંત-સાવળીંગાના પ્રણયની યાદ સાચવીને ઉભો દંતકથા સમો વડલો

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૩૧

સાબરકાંઠામાં વિજયનગર તાલુકાની જૈન પોળો ખાતે પ્રાચીન જૈન મંદિરોનો કલાત્મક વારસો તેના ભવ્ય ભૂતકાળને યાદ અપાવતો આજે પણ જીર્ણશિર્ણ હાલતમાં ઉભો હોવાથી અનેક પ્રવાસીઓ જૈન પોળોની મુલાકાતે આવી રહ્યા છે ત્યારે વિજયનગરના આંતરસુંબા ગામના સીમાડે ૫૦૦ વર્ષ જૂના વડલાએ ગુજરાતની પ્રાચીન પ્રણય કથાની યાદમાં ઉભા કરાયેલા મંદિરના અવશેષોને ગાઢ આલિંગન આપ્યું હોય તેમ વડલાની એક એક વડવાઈ અને શાખાઓ મંદિરને વિંટળાઈ જઈ પોતાની બાથમાં સમાવી દીધું છે. આંતરસુંબા ગામના સીમાડામાં આવેલું મંદિરનું દેરૂં આમતો સામાન્ય લાગે પરંતુ તેની પાછળ સદેવંત અને સાવળીંગાની પ્રણય કથા છૂપાયેલી છે. જો કે સમયના વહેણ સાથે જિલ્લાની આ પ્રણય કથા વિસારે પડી જતાં બહુ ઓછા લોકો જિલ્લાની પ્રણય કથાને યાદ કરતા હોય છે. આંતરસુંબાના સીમાડામાં વડલામાં ઘેરાયેલા મંદિરને સદેવંત સાવળીંગાના દેરા તરીકે ઓળખવામાં આવે છે. કહેવાય છે કે સાત જન્મ સુધી છૂટા ન પડવાના વચન સાથે માળવાના રાજકુમારે સાવળીંગાનો હાથ પકડ્યો હતો અને તેમના પ્રણયના આડે અનેક અવરોધો આવ્યા હતા. જો કે સદેવંત સાવળીંગા વિશે ઝૂઝ લોકો પાસે હકીકતો મળતી હોવાથી પ્રાચીન પ્રણય કથાનું રહસ્ય અવશેષોમાં જ ધરબાયેલું છે. કેટલાક લોકો સદેવંતને રાજકુમાર વર્ણવે છે પરંતુ જિલ્લાના પ્રસિદ્ધ ભવાઈ કલાકાર રણછોડભાઈ નાયકે સદેવંત સાવળીંગાની પ્રણય ગાથા પર પ્રકાશ પાડતાં જણાવ્યું હતું કે વર્ષોથી અમે સદેવંત સાવળીંગાના નાટકો ભજવતા આવ્યા



છીએ જેમાં સદેવંતને બ્રાહ્મણ બતાવાયો છે અને તે કાશીથી વિદ્યામાં પારંગત થઈને પગપાળા પસાર થતો હતો. દરમ્યાન સાવળીંગા પણ આ વિસ્તારના નજીકના શિવ મંદિરમાં જળાભિષેક માટે જતી હતી. જે દરમ્યાન સદેવંતને ખુબ તરસ લાગતાં તેને સાવળીંગા પાસે પીવાના પાણીની માંગણી કરી હતી પરંતુ તે જળ તો શિવજીને ચઢાવવાનું હોવાથી બંન્ને વચ્ચે બહુ માર્મિક શબ્દોની આપલે થઈ હતી અને બંન્નેની નજર મળી જતાં સદેવંત સાવળીંગા પ્રેમના તાંતણે બંધાઈ ગયા હતા જો કે તેમાં ભગવાન શિવજીએ સદેવંતને શ્રાપ આપ્યાની બાબતો પણ નાટકમાં બતાવાતી હોય છે. આંતરસુંબાના આ વિસ્તારમાં જ સાવળીંગા સાથે સદેવંતને પ્રેમ સબંધ બંધાયો હતો. જો કે આ બાબતે મતમતાંતર પ્રવર્તતા હોવાથી ઈતિહાસકારોએ તેની તપાસ કરવી રહી. અગાઉના વર્ષોમાં સદેવંત સાવળીંગાની પ્રણયગાથાઓ ઉપરની પુસ્તિકાઓ પણ મળતી હતી પરંતુ તે અત્યારે ક્યાંય ભાગ્યે જ જોવા મળે છે. વાર્તામાં માળવાના રાજકુમાર સદેવંતની વિરગાથાઓ અને તેના સાવળીંગા સાથેના પ્રેમની વાતોનો ઉલ્લેખ મળતો હતો. પરંતુ કાળક્રમે જિલ્લાની આ લવ સ્ટોરી ધીરે ધીરે ભૂલાવા લાગી છે. પરંતુ પ્રાચીન પ્રણય કથાના અવશેષો વડના ઝાડ સાથે એકાકાર થઈ જતાં જાણે કે વડલાના રૂપમાં સદેવંતે મંદિરરૂપી સાવળીંગાને આલિંગન આપ્યું હોય તેવું અચૂક અનુભવી શકાય છે. જાણવા મળ્યા મુજબ પુરાતત્વ વિભાગ દ્વારા આ જગ્યાને વિકસાવવાના પ્રયત્નો ચાલી રહ્યા છે. જૈન પોળોની જેમ અભાપુરના સીમાડામાં સદેવંત સાવળીંગાના અવશેષોની સાથે ઈતિહાસની અનેક બાબતો ધરબાયેલી પડી છે પરંતુ સદેવંત સાવળીંગા વિશે ઈતિહાસકારોને જાજો રસ ન હોય તેમ આજદિન સુધી ખાસ સંશોધન થયું ન હોવાથી જિલ્લાની પ્રાચીન પ્રણય કથા રહસ્યમય બની રહી છે.

જિલ્લાની આ એકમાત્ર પ્રણય કથા ઈતિહાસ ઉપરાંત પ્રજાના માનસ પટ પરથી ભૂંસાઈ જતાં જાણે કે સદેવંત-સાવળીંગાના અવશેષોને સાચવવાની જવાબદારીઓ વડલા ઉપર આવી પડી હોય તેવું દેખાઈ રહ્યું છે.

જિલ્લામાં મીની કાશ્મીર ગણાતા વિજયનગરથી અંદ્રોખા આશ્રમ તરફ જતાં રસ્તામાં આંતરસુંબા ગામનો સીમાડો આવેલો છે. આંતરસુંબા ગામથી પસાર થાઓ એટલે પુલ ઉપરથી કેટલાક જૂના ખંડેરો પ્રવાસીઓનું અચૂક ધ્યાન ખેંચતા હોય છે. જો કે અત્યાર સુધી વિજયનગરના જંગલોને જૈન પોળોના જંગલ તરીકે ઓળખવામાં આવતું હતું પરંતુ બહુ ઓછા લોકોને ખબર હશે કે આંતરસુંબાના જંગલોમાં સદેવંત અને સાવળીંગા વચ્ચે પ્રેમ પાંગર્યો હતો. અત્યાર સુધી લૈલા મજનું અને હીરરાંજાની પ્રણય કથાઓને યાદ કરવામાં આવે છે પરંતુ ગુજરાતની આ પ્રણય કથાને ફંફોસવાની કોઈને ફૂરસદ ન હોવાથી સદેવંત સાવળીંગાના અવશેષોની સાચવી રાખવાની જવાબદારી ૫૦૦ વર્ષ જૂના વડલા ઉપર આવી પડી હોય તેમ વડના ઝાડની એક એક વડવાઈ અને શાખાઓએ મંદિરને એવી રીતે ઘેરી લીધું છે કે તેની દિવાલો અને સ્થંભોને વડથી અલગ પાડવા લગભગ અશક્ય છે. વર્ષો પહેલાં આંતરસુંબા વિસ્તારમાં સદેવંત અને સાવળીંગા વચ્ચે પાંગરેલા પ્રેમની પુસ્તકોમાં પણ નોંધ લેવાતી હતી પરંતુ હવે

# ફેક ડિગ્રી કૌભાંડનો રેલો સાબરકાંઠા અરવલ્લીમાં આવે તેવી પૂરેપૂરી દહેશત

બાયડ, તા.૩૧

રાજપીપળાની બિરસા મુંડા ટ્રાઈબલ યુનિવર્સિટીમાં બનાવટી ડિગ્રી સર્ટિફીકેટ ચકાસણી માટે આવતાં આંતરરાજ્ય ફેક ડિગ્રી કૌભાંડ બહાર આવ્યું છે. મુખ્ય સૂત્રધાર દિલ્હીમાંથી મહિલાની અટકાયત કર્યા પછી દિલ્હી અને અમદાવાદથી વધુ બે જણની અટકાયત થતાં આવનારા દિવસોમાં ડિગ્રી કૌભાંડનો રેલો સાબરકાંઠા-અરવલ્લીમાં આવે તેવી પુરેપૂરી દહેશત સેવાય છે. બોગસ ડિગ્રી કૌભાંડ પ્રકાશમાં આવ્યા પછી કેટલાંક દલાલોના નામ ચર્ચામાં છે. અગાઉ કેન્દ્રમાંથી બનાવટી સર્ટી બનાવવાનું રેકેટ ઝડપાયા પછી મામલો રફેદફે થઈ ગયો હતો. ત્યારે ફેક ડિગ્રી કૌભાંડ ભરૂચ જિલ્લા પછી કેટલા જિલ્લાઓને હચમચાવશે તેના ઉપર સૌની મીટ મંડાઈ છે.

રાજ્યમાં બોગસ ડિગ્રીના આધારે રાજ્યના આરોગ્ય વિભાગ, લશ્કરી ભરતી, શિક્ષક ભરતીના અનેક કૌભાંડ બહાર આવ્યા પછી આવા ઉમેદવારો કોર્ટનો સહારો લઈ નોકરી બચાવવામાં તો સફળ રહ્યા

**કેટલાક દલાલોના નામ ચર્ચામાં**

પરંતુ અનેક તેજસ્વી વિદ્યાર્થીઓને હળાહળ અન્યાય થયો છે. બોગસ ડિગ્રીના આધારે અનેક લોકોએ નોકરીઓ મેળવી લીધી છે. રાજપીપળાની બિરસા મુંડા ટ્રાઈબલ યુનિ.માં કેટલાંક ઉમેદવારોના સર્ટિફિકેટ ચકાસણી માટે આવ્યા અને દેશવ્યાપી બોગસ ડિગ્રી આપવાનું કૌભાંડ ઉજાગર થયું. બોગસ ડિગ્રી કૌભાંડની તપાસ નર્મદા એલ.સી.બી.એ શરૂ કર્યા પછી તપાસનો રેલો અમદાવાદ, સુરત, કલોલ, મહેસાણા અને વડોદરા સુધી પહોંચ્યો છે ત્યારે બિરસા મુંડા ટ્રાઈબલ યુનિ.ના અનેક ફેક ડિગ્રી સર્ટી સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના અનેક ઉમેદવારો પાસે હોવાની આશંકા સેવાય છે. પકડાયેલા કેટલાંક આરોપીઓ જિલ્લાના કેટલાંક દલાલો સાથે સંપર્કમાં હોવાની પૂરેપૂરી આશંકા છે. પકડાયેલા પાંચ આરોપીઓ રીમાન્ડ દરમ્યાન કેવા વટાણા વેરે છે તેના ઉપર યુનિ.અને રાજ્ય સરકારની પણ મીટ મંડાયેલી છે.

# બાયડના ઓઢા-આંબા ગામે ભવાઈ કાર્યક્રમ

બાયડ, તા. ૩૧

બાયડ તાલુકાના ઓઢા અને આંબા ગામે આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી



પ્રસંગે કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ગાંધીનગર તેમજ અરવલ્લી રમતગમત અધિકારી હર્ષાબેન ઠાકોરના આર્થિક સહયોગથી ભવાઈ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં સાકરીયાના અમૃતભાઈ બારોટના માર્ગદર્શન હેઠળ સતી પિંગળા અને રાજા ભર્તુહરિ નાટક ભજવવામાં આવ્યું હતું.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના માર્ગો ઉપર મોતની ભૂરકી નાખતી ટ્રકો

## રોડ ઉપર કપચી વેરાતાં નાના વાહનચાલકો પછડાવા લાગ્યા

બાયડ, તા.૩૧

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના માર્ગો ઉપર કપચી ભરીને જતી ટ્રકોમાંથી ઢોળાઈ રહેલી કપચીઓ રસ્તા ઉપર પથરાઈ જતાં સવાર-સાંજ અનેક નાના વાહન ચાલકો પછડાઈ પડતાં ગંભીર ઈજાઓ થવા લાગી છે. જ્યારે પોલીસ અને આર.ટી.ઓ. દ્વારા આવા બેદરકાર વાહનો સામે કડક પગલાં ભરવામાં નહીં આવે તો અનેક નિર્દોષ જીંદગીઓ મોતના મુખમાં ધકેલાઈ જશે તેવી દહેશત વ્યક્ત કરવામાં આવી રહી છે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં સુપ્રિમ કોર્ટની ગાઈડ લાઈન અનુસાર ઓવરલોડ વાહનો ઉપર લગામ આવી ગઈ છે. તેમ છતાં જિલ્લાના ક્વોરી ઉદ્યોગથી ધમધમતા માર્ગો ઉપર ફીટનેશ વગરના વાહનોમાં કપચી-મેટલનું મોટા પાયે વહન થઈ રહ્યું છે. ત્યારે કપચી ભરેલા ટ્રકોમાંથી ઢોળાતી કપચી પાકા માર્ગો ઉપર પડવા લાગે છે અને નાના વાહન



ચાલકો રસ્તામાં કોઈ અવરોધ આવે ત્યારે બ્રેક મારે તે સમયે કપચીને લઈને સીધા જ સ્લીપ થઈ જતા હોઈ ઈજાઓનું પ્રમાણ છેલ્લા એક સપ્તાહથી વધી ગયું છે. બાયડ-દહેગામ, ધનસુરા-હરસોલ, ધનસુરા-શીકા-હિંમતનગર માર્ગો ઉપરથી પસાર થતી ટ્રકોમાંથી કપચીના રૂપમાં મોતની ભૂરકી વેરાતી હોય તેવું હમણાં..હમણાંથી દેખાઈ રહ્યું છે. છેલ્લા બે દિવસમાં સદર માર્ગો ઉપર કપચી વેરાઈ હોઈ દ્વિ-ચક્રી વાહન ચાલકો બ્રેક મારવાની સાથે જ રસ્તા ઉપર ચત્તાપાટ થઈ જવાના અને ગંભીર ઈજા થવાના કિસ્સા નોંધાયા છે. ટૂંકમાં જિલ્લામાં ઉંચી બિલ્ડીંગોના નિર્માણમાં મજબૂતાઈનો પર્યાય બનેલી કપચીઓ મૂલ્યવાન જીંદગીઓને પળવારમાં જ રહેંસી નાખે તેવી સ્થિતિ પેદા થઈ છે. આ સંજોગોમાં ક્વોરી ઉદ્યોગકારોએ પણ ક્વોરીનું વહન કરતા ટ્રકોના ચાલકો અને માલિકોને માનવ જીંદગીનું મૂલ્ય સમજાવી રોડ ઉપર વેરાતી કપચી બાબતે ગંભીર બને તે પ્રકારનું માર્ગદર્શન આપવું જોઈએ તેવી લાગણી બળવત્તર બની છે.

# જિલ્લામાં સોમવારે આકાશમાં વાદળ દેખાતાં ખેડૂતો ચિંતિત

## પાકમાં રોગચાળાનો ભય : લગ્નના અવસર ઉપર કુદરતી ખતરાના મંડાણ : માવઠું ન વરસે તે માટે લોકોએ બાધા રાખી

જિલ્લામાં સોમવાર બપોર પછી હવામાન એકાએક પલ્ટાયું હોય તેમ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના આકાશમાં વાદળો દેખાતાં રવી ખેતીમાં રોગચાળાના ભયથી ખેડૂતો ચિંતામાં સરી પડ્યા છે. જ્યારે તા.૪ ફેબ્રુઆરીથી શુભ મુહૂર્ત હોવાથી ૧૦૦૦થી વધુ લગ્નો યોજાવાના છે ત્યારે લગ્નના અવસર ઉપર માવઠાનું ગ્રહણ ઉભું થતાં લગ્નના યજમાનો ચિંતામાં સરી પડ્યા હતા. ઘરે લીધેલા અવસરમાં માવઠું ન વરસે તે માટે અનેક લોકોએ પોતાના ઈષ્ટ દેવની બાધા રાખ્યાનું જાણવા મળ્યું છે.

ઠંડીએ ફરી ઠુમકા મારતાં પ્રજા અને ખેડૂતો વિસ્મય અનુભવી રહ્યા છે. એકાએક ઠંડી ગાયબ થાય ત્યારે જિલ્લામાં કમોસમી માવઠાનું સંકટ ઉભું થતું હોય છે. જાન્યુઆરી મહિનાના પ્રથમ સપ્તાહમાં ઠંડી ગાયબ થયા પછી ભરશિયાળે અષાઢી માહોલ જામ્યો હોય તેમ ત્રણ દિવસ સુધી કમોસમી માવઠા વરસતાં રવી ખેતીને નુક્સાન પહોંચવાની સાથે લગ્નોના અવસર લીધા હતા તેવા પરિવારો મુશ્કેલીમાં મૂકાયા હતા અને તેમના આયોજનો ધૂળધાણી થઈ ગયા હતા. ફેબ્રુઆરી મહિનો શરૂ થયો ત્યારથી ઠંડીમાં ઘટાડો જોવા મળી રહ્યો છે પરંતુ રાત્રિથી પરોઢ સુધી ઠંડીના સૂસવાટાના કારણે પ્રજા મિશ્ર ઋતુમાં અનુભવ કરતી હતી. સોમવારે એકાએક હવામાનમાં પલ્ટાવ જોવા મળ્યો હતો.

### અવાવરૂ કૂવામાં વન્ય પ્રાણી ખાબકવાનો સિલસિલો

# બાયડના અહમદપુરાના કૂવામાં ખાબકેલા વન લોકડીને રેસ્ક્યુ કરી બચાવી

બાયડ, તા. ૩૧

બાયડ તાલુકાના અહમદપુરાના અવાવરૂ કૂવામાં ખાબકેલ વન્ય પ્રાણી વન લોકડીને રેસ્ક્યુ કરી ૩૦ મીનીટની જહેમત પછી બહાર કાઢી બચાવી લેવામાં આવી હતી અને તેને સલામત સ્થળે છોડી દેવામાં આવી છે. બાયડ તાલુકામાં અવાવરૂ કૂવા વન્ય પ્રાણીઓ માટે જોખમી બન્યા છે. અગાઉ નિલગાય ત્યાર પછી મોર સહિતના પક્ષીઓને પણ બચાવી લેવાયા છે. જિલ્લામાં હવે કૂવા ભૂતકાળ બન્યા છે અને મોટાભાગે ખેડૂતો ખેતરમાં બોર ટ્યુબવેલ બનાવતા હોવાથી મોટાભાગના કૂવા અવાવરૂ બન્યા છે. જિલ્લામાં જોખમી બનતા કૂવા પૂરવા માટે તંત્ર દ્વારા વારંવારની તાકીદ છતાં કૂવા પુરાતા નથી અને ડિઝાસ્ટર વિભાગ પણ આ મામલે નિષ્ક્રિય થયાનું ચિત્ર ઉપસ્યું છે. અવાવારૂ કૂવા હવે વન્ય પ્રાણીઓ માટે જોખમી બની રહ્યા છે. બાયડ તાલુકાના અહમદપુરાના ખેડૂત ચંદ્રસિંહ રતનસિંહ પરમારના અવાવરૂ કૂવામાં વન લોકડી ખાબકતાં કૂવામાંથી આવતા વિચિત્ર અવાજથી અનેક લોકો ચોંક્યા હતા. કૂવામાં નજર કરતાં કોઈ વન્ય પ્રાણી ખાબક્યું હોવાનું જણાતાં વગડો ચેરીટેબલ ટ્રસ્ટને જાણ કરતાં રેસ્ક્યુ ટીમ આવી પહોંચી હતી અને સીડી મારફતે રેસ્ક્યુ ટીમ અંદર ઉતરી વન લોકડીને રાત્રે સલામત રીતે બહાર કાઢી ખુલ્લા ખેતરમાં છોડી મૂક્વામાં આવી હતી.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં સરકારી અનાજના ગોડાઉનોમાં ઉંદરોનો ત્રાસ

## વર્ષે ગરીબોને મળનારૂ હજારો મણ અનાજ ઓહીયા કરતા ઉંદર

બાયડ, તા.૩૧

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં સરકારી અનાજના ગોડાઉનોમાં છેલ્લા ગણા સમયથી ઉંદરોનો ત્રાસ અનેક ગણો વધી ગયો છે. જ્યારે કાળા બજારીયાઓની જેમ ઉંદરોને પણ સરકારી અનાજ દાંતે વળગતાં વર્ષે હજારો મણ અનાજ ઉંદરો ઓહીયા કરી જતા હોવાનું બહાર આવ્યું છે. જ્યારે સરકારી ગોડાઉનોમાં ઉંદરોની વધી સંખ્યાથી સરકારી અનાજનો બગાડ થઈ રહ્યો છે પરંતુ ઉંદરોના ઉપદ્રવને દૂર કરવાના કોઈ જ પ્રયત્નો થતા ન હોવાથી સરકારી અનાજના ગોડાઉનોમાં સરકારનું અનાજ ખાઈને ઉંદરોના કદમાં પણ વધારો થયાનું જાણવા મળેલ છે.



દેશમાં કેટલાક પરિવારો બે ટંકના ભોજન માટે ફાંફાં મારતા હોય છે ત્યાં બીજી તરફ કેન્દ્ર સરકારની લાપરવાહીથી હજારો મણ અનાજ ગોડાઉનોમાં સળી જતું હોવા છતાં ગરીબોને આપવામાં આવતું ન હોવાથી મોંઘાભાવનું અનાજ પશુઓ પણ ન ખાય તે રીતે ગોડાઉનોમાં સડી રહ્યું છે ત્યારે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં સરકારી અનાજના જથ્થાને સાચવી રાખવા ગોડાઉનો પૂરતા હોય તેમ અંદરની પરિસ્થિતિ ઉપર ધ્યાન આપવામાં આવતું નથી અને જિલ્લાના કેટલાક સરકારી ગોડાઉનોમાં ઉંદરોનો ત્રાસ અનેક ગણો વધી જતાં અનાજની બોરીઓ ઉંદરો કતરી ખાતા હોય છે અને ગરીબોનું અનાજ તેમના ઘર સુધી પહોંચે તે અગાઉ અનાજનો સ્વાદ સૌ પ્રથમ ઉંદરો જ ચાખી લેતા હોય છે. છેલ્લા કેટલાય સમયથી સરકારી ગોડાઉનોમાં ઉંદરોની સંખ્યામાં ધરખમ વધારો નોંધાયો હોય તેમ સરકારી અનાજની બોરીઓ વચ્ચે ઉંદરોની ધમાલ જોવા મળી રહી છે.

જિલ્લામાં ગરીબોનું નસીબ વધુ ગરીબ હોય તેમ સરકારી અનાજનો જથ્થો સસ્તા અનાજની દુકાનો સુધી પહોંચે તો છે પરંતુ તેમાંના મોટા ભાગના અનાજનો જથ્થો કાળા બજારમાં પગ કરી જતો હોવાની વ્યાપક ફરિયાદો વચ્ચે હવે સરકારી ગોડાઉનોમાં ગરીબોના અનાજ ઉપર ઉંદરો ધમાલ કરી વર્ષે હજારો મણ સરકારી અનાજ ઓહીયા કરી જતા હોય છે. જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી ઉંદરોની સંખ્યામાં ધરખમ વધારો નોંધાયાનું દેખાઈ રહ્યું છે અને ખાસ કરીને સરકારી અનાજના ગોડાઉનોમાં ઉંદરોનો ઉપદ્રવ વધી ગયો છે.

જો કે સરકારી ગોડાઉનોમાંથી ઉંદરો ગરીબોનું અનાજ ઓહીયા કરી જતા હોવા છતાં તેની નુક્સાનીની નોંધ ચોપડે લેવાતી ન હોવાથી જિલ્લામાં ઉંદરો સરકારી અનાજ ઓહીયા કરવા ટેવાઈ ગયા છે. જિલ્લામાં સરકારી ગોડાઉનોમાં સંચાલન કરતા અધિકારી, કર્મચારીઓને ઉંદરો ઉપર વધુ પ્રેમ હોય તેમ ઉપદ્રવ અટકાવવાના કોઈ જ પ્રયાસો અત્યાર સુધી થયા ન હોવાથી મોંઘા ભાવનું અનાજ ઉંદરો ઓહીયા કરી ક્યારેક તેમની સામે જ ઉંદરો દાંતીયા કરતા હોવાના દ્રશ્યો પણ સરકારી ગોડાઉનોમાં સામાન્ય બની રહ્યા છે. ત્યારે જિલ્લાના જવાબદાર તંત્ર દ્વારા સરકારી ગોડાઉનોમાં વધેલા ઉંદરોના ઉપદ્રવને અટકાવવા અને સરકારી અનાજના થઈ રહેલા વ્યય સામે ખાસ પગલાં ભરવાં જ રહ્યાં તેવો સૂર કેટલાક જાગૃત નાગરિકોમાંથી ઉઠવા પામ્યો છે.

# ઉત્તર ગુજરાતના નિવૃત્ત ભવાઈ કલાકારોને વર્ષે રૂ. ૧૨૦૦ની મજાકરૂપ સહાય

ઉત્તર ગુજરાતની ભૂમિ આનર્ત પ્રદેશથી ઓળખાય છે. આનર્ત એટલે નર્તન કરનાર કલાકારોની ભૂમિનું ગૌરવ સૌ કોઈ લઈ રહ્યા છે પરંતુ ભવાઈ ક્ષેત્રે નામના મેળવનારા કલાકારો નિવૃત્તિ પછી આર્થિક સંકળામણનો સામનો કરી રહ્યા છે તો બીજી તરફ વૃદ્ધાવસ્થામાં ભવાઈપાત્ર ભજવવામાં અસમર્થ કલાકારો સાથે સરકારનો યુવક, સેવા અને સાંસ્કૃતિક વિભાગ પણ કલાકાર નીધિમાંથી વર્ષે ભવાઈ કલાકારોને માત્ર રૂા.૧૨૦૦ની સહાય ચૂકવી ક્રૂર મજાક કરી રહ્યો છે. છેલ્લા કેટલાય સમયથી ભવાઈ કલાકારોને વર્ષે અપાતી સહાયમાં વધારો કરવાની માંગ છતાં રાજ્યની સંવેદનશીલ સરકાર વૃદ્ધ ભવાઈ કલાકારો પ્રત્યે નિષ્ઠુર બની હોય તેવી સ્થિતિ વચ્ચે વૃદ્ધ થનાર અન્ય કલાકારોના નામ સહાય માટે સમાવેશ કરવામાં પણ હાથ ઉંચા કરી દેવાતાં પાંચેય જિલ્લાના નિવૃત્ત ભવાઈ કલાકારોમાં રોષ જોવા મળી રહ્યો છે.

આજના આધુનિક યુગમાં લોક કલાઓનો દાટ વળ્યો છે. ટીવી સહિતના મનોરંજનના સાધનોના કારણે પ્રાચીન લોક કલાનો વારસો લુપ્ત થવા લાગ્યો છે. અગાઉના વર્ષોમાં એકમાત્ર ભવાઈ મનોરંજન માટે લોકભોગ્ય હતી પરંતુ કાળક્રમે ભવાઈ અસ્ત થવાને આરે આવીને ઉભી છે. રાજ્ય સરકાર દ્વારા ભવાઈ કલાને બચાવવા માટે જોઈએ તેવા કોઈ ઠોસ પ્રયાસ થયા નથી તેમાંય ભવાઈ કલાકારોને પ્રોત્સાહન આપવામાં પણ સરકારનો યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ નિષ્ફળ રહ્યો હોવાથી અનેક વૃદ્ધ ભવાઈ કલાકારો આજે દયનીય હાલતમાં જીવન વિતાવી રહ્યા છે. એક સમયે ગામની શેરીઓ તેમજ ચોકમાં બુલંદ અવાજે ભવાઈ પાત્રો ભજવી લોકોની વાહવાહી મેળવનારા કલાકારોને આજે જીવન જીવવાનો પણ ફાંફાં પડી રહ્યાં છે. રાજ્ય સરકાર દ્વારા વૃદ્ધ ભવાઈ કલાકારોને વર્ષે માત્ર રૂા.૧૨૦૦ ચૂકવવામાં આવતા હોવાથી સહાય મજાકરૂપ બની રહી છે. દિનપ્રતિદિન મોંઘવારી વધતી જાય છે અને તેમાંય વૃદ્ધ થયા પછી કલાકારો અનેક બિમારીઓમાં સપડાયા હોવાથી ઘરનું ગુજરાન ચલાવવું પણ દુષ્કર બની જતું હોય છે. ભવાઈ મંડળ દ્વારા સમયાંતરે વૃદ્ધ ભવાઈ કલાકારોને અપાતી સહાયમાં વધારો કરવાની માંગ છતાં આજદિન સુધી સ્વીકારવામાં આવી નથી. એટલું જ નહીં પરંતુ ઘણ્યા ગાંઠ્યા કલાકારોને જ વર્ષે સહાય આપવામાં આવે છે. જ્યારે અન્ય વૃદ્ધ કલાકારોના નામ સહાયમાં સમાવવામાં આવતાં ન હોવાથી ઉત્તર ગુજરાતના અરવલ્લી, સાબરકાંઠા, મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં વસવાટ કરતા વૃદ્ધ ભવાઈ કલાકારો આર્થિક સંકળામણમાં સપડાયા છે. રાજ્ય સરકાર લોકકલાઓને જીવંત રાખનારા જુજ કલાકારોને જ પ્રોત્સાહન આપે છે પરંતુ જે કલાકારોનો જીવન નિર્વાહ માત્ર ને માત્ર ભવાઈ નાટકો ઉપર જ ચાલી રહ્યો છે તેવા કલાકારોની આર્થિક સ્થિતિમાં સુધારો થાય તેવો કોઈ પ્રયાસ આજદિન સુધી થયો ન હોવાથી વૃદ્ધ ભવાઈ કલાકારોમાં સરકાર સામે રોષ જોવા મળી રહ્યો છે. નાયક રંગમંચ સંકુલ-ઘડીના મહેશભાઈ નાયકના જણાવ્યા મુજબ તેમની સંસ્થા દ્વારા પણ અન્ય વૃદ્ધ ભવાઈ કલાકારોનો સહાયમાં સમાવેશ કરવા માટે રજૂઆત કરવામાં આવી હોવા છતાં આજદિન સુધી સહાયમાં નવા નામો ઉમેરવામાં આવ્યા નથી અને સરકાર દ્વારા આપવામાં આવતી વર્ષે રૂા.૧૨૦૦ની મામૂલી રકમમાં પણ કોઈ વધારો કરવામાં આવ્યો ન હોવાથી ભવાઈ કલાકારોમાં સરકાર સામે સ્વાભાવિક રોષ સામે આવ્યો છે.